# : : શેષશાયી વિષ્ણુ દરિયા-પાર : :

હમણાં મારે યાત્રાનો યોગ છે. આમ તો મારે મન દરેક મુસાફરી યાત્રા-સમાન જ હોય છે, છતાં સામાન્ય રીતે, આપણાં મનમાં યાત્રાનો અર્થ દૂર દૂર, અને કઠિન પ્રવાસ કર્યા પછી જ્યાં પહોંચાતું હોય તેવાં મંદિરે જવાનો થતો હોય છે. જ્યાં જવું ઘણું મુશ્કેલ હોય તેવાં તથા વાહન દ્વારા સહેલાઈથી જઈ શકાય તેવાં દેવ-ધામો સુધીની ઘણી યાત્રાઓ  હું કરવા પામી છું.

હવે તો વિશ્વભરમાં મંદિરો થયાં છે. પરદેશના પ્રવાસોમાં સ્થાનિક ઇન્ડિયનોને અચાનક મળવાનું ખાસ થાય જ નહીં, તેથી દરેક જગ્યામાંનાં દેવસ્થાનો જોવા ના પણ મળે. તોયે મને એમાંનાં પણ ઘણાં જોવા મળ્યાં છે. આ સિવાય, અમેરિકા કે જ્યાં મારો વસવાટ છે ત્યાં પણ ધીરે ધીરે કરતાં અનેક મંદિરો વસાવાયાં છે, તેમજ નવેસરથી બનાવાયાં છે.

અહીં, જોકે, મારે બીજી એક જાતની યાત્રાની વાત કરવી છે. અલબત્ત, એમાં દેવ-દર્શનનો સમાવેશ તો છે જ. આમ તો શેષશાયી વિષ્ણુ ભગવાન દરિયા પર હોય છે, પણ હમણાં એ દરિયા-પાર પધારેલા છે. ન્યૂયૉર્કના બ્રૂકલિન મ્યુઝિયમ નામના એક ખૂબ મોટા કળા-સંગ્રહાલયમાં અત્યારે “નીલરંગી ત્વચાવાળા ઉદ્‌ધારક હિન્દુ દેવ વિષ્ણુ” પર અગત્યનું પ્રદર્શન ચાલે છે. એમાં સંચિત કરાયેલી ૧૭૫ જેટલી કળાકૃતિઓમાં શિલ્પ વધારે છે, અને કેટલાંક ચિત્ર છે. આમાંનું કશું જ નવું, આધુનિક કે સમકાલીન નથી, બલ્કે સમગ્ર કળાકૃતિઓ પ્રાચીન, અતિપ્રાચીન અને વિરલ છે.

ચોથી સદીથી બારમી સદી દરમ્યાન, સાવ અનામી કળાકારો દ્વારા સર્જાયેલી આ અપૂર્વ કૃતિઓ આપણે માટે તો દેવાકૃતિઓ જ છે, પણ જ્યારે અહીંના કળામિમાંસકોએ કરેલી ચર્ચા વાંચીએ ત્યારે બીજા દૃષ્ટિકોણ જાણવા મળે છે. દેવ-દેવીઓ વિષેની જે કથાઓને આપણે સ્વાભાવિક અને સહજ ગણતાં હોઈએ તે અન્ય-દેશીય લોકોને બહુ જટિલ અને ગુંચવણ ભરેલી લાગતી હોય છે. પ્રસ્તુત પ્રદર્શનને એક વિવેચકે “ખૂબ સંતોષકારક, ને સાથે જ, ખૂબ વિગતો ને માહિતી જાણવાની હોવાને કારણે જરાક ગભરાવનારું” કહ્યું છે. દરેક કળાકૃતિની સાથે એવાં સરસ વર્ણન અને વિગતો આપેલાં છે કે વાંચતાં ખ્યાલ આવે કે આપણે પણ કેટલું જાણવાનું છે આમાંથી.

બારમી સદીના, સૅન્ડસ્ટોનમાંથી બનાવેલા શિલ્પમાં આભૂષણ-યુક્ત વિષ્ણુ શેષનાગ પર નિદ્રિત છે. એમના હાથોમાં શંખ, ચક્ર, ગદા દેખાય છે, જ્યારે ચોથી હથેળી લાંબા કુંડળથી સોહતા કાનની પાછળ ટેકવેલી છે. એમની ડુંટીમાંથી બ્રહ્મા પ્રગટ થયેલા છે. એક તરફ ગરુડ હાથ જોડીને રહેલા છે. વિષ્ણુનો જમણો પગ લક્ષ્મીજી બે હાથમાં ધરીને જાણે કોમળતાથી દબાવી રહ્યાં છે. નીચે આઠ નાના સર્પ ગુંચળું વાળીને રહેલા છે, જે કદાચ ભાગ્યે જ કોઈ શિલ્પમાં જોવા મળે. સાતેક ફીટ જેવા આ લંબચોરસમાં ઉપર સળંગ જે કારીગીરી છે તેમાં કમંડળધારી ઋષિઓ ઉપરાંત દશાવતાર દર્શાવેલા છે. અસાધારણ અને અપૂર્વ એવી આ કળાકૃતિ છે.

આ જ વિશેષણો વાપરવાનું મન થાય તેવા બીજા એક શિલ્પને ગોળ ફરીને જોવું પડે, કારણકે એક તરફ વિષ્ણુ છે, તો બીજી તરફ દુર્ગાનું પૂર્ણસ્વરૂપ છે. સાઈડ પરની જગ્યામાં ગણેશ, શિવ-પાર્વતી ને બ્રહ્મા પણ છે. છેક દસમી સદીમાં આવાં ભક્તિ ને કૌશલ મૂર્તિમંત કરનારા કળાકારો હતા તે આપણને અભિભૂત કરે છે.

અઢારમી સદીના એક ચિત્ર પર જરા ભાર મૂકાયેલો કહી શકાય. આઠ બાય દસના આ અતિસુંદર ચિત્રમાં સોનેરી જેવા રંગની પાર્શ્વભૂ અને સફેદ વાદળવાળું ભૂરું આકાશ દેખાય છે. ઝીણાં ફૂલની ડિઝાઇનવાળો ચક ઉપર વીંટાળીને રખાયેલો છે. મીનાકારી કરેલા આછા લીલા સિંહાસન પર ચતુર્ભુજ વિષ્ણુ, જમણો પગ ઘૂંટણેથી વાળીને આરામથી બેઠા છે. દેહ નીલ, માથે મુગટ, પીળું પીતાંબર, શાંત ભાવ. પાછળ ઊભેલી એક દાસી ચામર ઢાળે છે. સામે રાજસ્થાની પોષાક ને ઘરેણાં પહેરેલાં લક્ષ્મીજી અળતાથી રંગેલી આંગળીઓવાળા બે હાથથી દેવનો ડાબો પગ મસાજ કરી રહ્યાં છે. ન્યૂયૉર્ક ટાઇમ્સમાં કળા-વિભાગના પહેલા પાના પર આ ચિત્ર આ જ સાઇઝમાં, રંગોને વફાદાર રહીને, છપાયું.

દશાવતરને તો આપણે બધાં જાણીએ, અને એ સ્વરૂપોને કેટલીયે વાર જોયાં હોય. પણ દરેક અવતાર માટે પાંચ-છ કે વધારે સંબંધિત કળાકૃતિઓ એક પ્રદર્શનમાં જોવા મળે તેવું આ પહેલી વાર થયેલું લાગે છે. ખંડમાં નાના અલગ  વિભાગ બનાવાયા છે, ને એમાં શિલ્પો અને ચિત્રો મૂકીને, દરેક માટે પૂરતી વિગતો આપીને બધા અવતારો રજૂ કરવામાં આવ્યા છે. એક વિરાટ મત્સ્ય એવા જ મોટા કમળ પર સૂતેલો હોય તેવું શિલ્પ છે, છાતી ચીરીને રામ-સીતા છતાં કરતા હનુમાનનું ચિત્ર છે, અને વામન તથા પરશુરામ તો હોય જ, પણ અરે, કલ્કીની રજુઆત પણ ચાર-પાંચ ચિત્રોમાં થયેલી છે.

વરાહનું એક મોટું શિલ્પ પણ ક્યારેય જોયું ના હોય તેવું હતું. સાધારણ રીતે, કળાકૃતિઓમાં, વરાહનું મોઢું એક તરફથી જ બતાવવામાં આવતું હોય છે. અહીં કાળા પથ્થરના બારમી સદીના આ શિલ્પમાં આખું મોઢું ઊંચું થયેલું છે, અને ઉદ્ધાર કરેલી ભૂદેવીને ડાબા ખભા પર બેસાડીને પ્રેમભરી આંખે અવતાર એની સામે જોઈ રહ્યા છે. એક શિલ્પમાં જાણે આખી એક વાર્તા કંડારાઈ ગયેલી છે.

કૃષ્ણ સર્વ ભક્તોને પ્રિય છે, તે આ પ્રદર્શનના અમેરિકી આયોજક પણ જાણે છે. ગોપાલ અને ગોવાળિયાના રૂપમાં, ચીરહરણ કરનાર તરીકે, તેમજ રાધા સાથે વિહાર કરતા દેખાતાં અઢારમી સદીનાં ચિત્રોમાં કૃષ્ણ આપણું મન પણ હરતા રહે છે. તો છેલ્લે નાથદ્વારાની ઓગણીસમી સદીની પીછવાઈમાં શ્રીનાથજી તરીકે પણ એ અહીં નિરુપાયેલા છે. અંતે તો દેવની ભક્તિ તે પ્રેમભાવથી રંગાયેલી હોય છે, તેમ પશ્ચિમી ચેતનાને પણ સમજાય છે. કળા-મિમાંસક દર્શકોને સમજાવે છે કે પ્રેમીની આંખોથી જોશો તો કશું જટિલ નહીં લાગે, અને કોઈ ગુંચવણ નહીં રહે.

બ્રહ્મા, વિષ્ણુ, મહેશની સાથે ચોથું મહારૂપ દેવીનું ગણાય. તો ન્યૂયૉર્કના બીજા એક મ્યુઝિયમમાં "મધર ઈન્ડિયા: ચિત્રમાં દેવી" કરીને નાનું એવું પ્રદર્શન રજૂ થયેલું છે. જોકે એમાં શિલ્પ પણ છે. માતા સમાન મહાદેવી જીવન બક્ષે છે અને જીવનને રક્ષે પણ છે, તેમ આયોજકે સાચું જ કહ્યું છે.

અમુક કૃતિઓ બહુ જ સુંદર છે. લક્ષ્મી અને સરસ્વતી જરૂર છે, પણ કાલી અને દુર્ગાનાં સ્વરૂપ ઘણાં વધારે જોવા મળ્યાં. નેપાલી સુવર્ણરંગી દેવી વસુધારા, બૌદ્ધ દેવીઓ તારા અને હરિતિ, આફઘાનીસ્તાનની નાના કહેવાતી દેવીની પાંચમી સદીની મૂર્તિ વગરે પણ સમાવિષ્ટ છે. મહિષાસુરમર્દિનીનાં તાંત્રિક લાગતાં શિલ્પના બાર, સોળ, અઢાર તેમજ વીસ હાથવાળાં શિલ્પ ધ્યાનાકર્ષક રહ્યાં.

ન્યૂયૉર્કમાં આમ કળાયાત્રા દ્વારા અભૂતપૂર્વ સ્વરૂપોનાં દર્શન થાય તે આપણાં દેવ-દેવીઓએ કરેલા ચમત્કાર નથી લાગતા?

( ૮૯૬ શબ્દ)

------ પ્રીતિ સેનગુપ્તા